Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-15, Issue-4, March-2022
www.researchguru.net

ગુજરાતમાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત કૃષિ વૈવિધ્યકરણ કાર્યક્રમના લાભાર્થીઓનો આર્થિક અભ્યાસ(વલસાડ અને તાપી જિલ્લાના સંદર્ભે)

વિપુલ એસ.ગામીત
રીસર્ચ સ્કોલર, ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ, આશ્રમ રોડ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-380014
મો.7600952139

ટૂંકસાર :

પ્રસ્તુત સંશોધન અભ્યાસ માટે મિશ્રસંશોધન (પરિમાણાત્મક અને ગુણાત્મક) પદ્ધતિનો ઉપયોગ કરી અભ્યાસમાં પ્રાથમિક અને દ્વિતિય માહિતીનો આધાર લેવાયો છે અને હેતુપૂર્ણ સ્તરીત નિદર્શન પદ્ધતિનો ઉપયોગ કરી કુલ બે વલસાડ અને તાપી જિલ્લાના બે તાલુકાના ૧૭ ગામોમાંથી કુલ ૧૨૫૧ લાભાર્થીમાંથી ૨૦ ટકા મુજબ ૨૫૧ સીમાંત લાભાર્થીની નિદર્શન તરીકે પસંદ કરી અભ્યાસ કરતા જાણવા મળ્યું કે ખેડૂત લાભાર્થી ખેતીમાંથી બે ગણી આવક પ્રાપ્ત કરી શક્યો નથી. મોટાભાગના લાભાર્થીઓ તેમને આપવામાં આવતા ખાતર અને શાકભાજીના બિયારણથી અસંતોષ હતો એક સીઝન કે એક વર્ષે આ સહાય આપવાથી ખેતીમાંથી બે ગણી આવક પ્રાપ્ત કરી શકાતી નથી. સરકારની નિતી એવી હોવા જોઈએ કે પાકો જે પહેલા પંરપરાગત હતાં અનાજ જુવાર, રાગી, દાળ જેવા પાકોને પ્રોત્સાહન આપી શકાય દાળ જેવા પાકોના ભાવ બજારમાં સારા મલી રહ્યાં છે. સરકારે સજીવખેતી માટે પ્રોત્સાહન આપવુ જોઈએ આદિવાસી વિસ્તાર સજીવ ખેતી જ કરે છે તો તેમના પાકોને વ્યવસ્થિત ભાવ આપે બજારની વ્યવસ્થા કરવી જોઈએ.

Keyword : *આદિવાસી, ખેતીની આવક, રોજગારી, ઉત્પાદન, ખેતી ખર્ચ, જીવનધોરણ*

1. પ્રસ્તાવના

ભારતીય અર્થતંત્ર ખેતી પર આધારિત છે. કૃષિ અને તેની સાથેના સંલગ્નક્ષેત્રો સાથે ભારતમાં આજીવિકાનો સૌથી મોટો સ્ત્રૌત છે. ભારતના આર્થિક વિકાસ માટે ત્રણ ક્ષેત્રો મહત્ત્વના છે ૧. કૃષિ ક્ષેત્ર ૨. ઔધોગિક ક્ષેત્ર અને ૩. સેવા ક્ષેત્ર. ૨૦૧૫-૧૬માં કૃષિ ક્ષેત્રનું પ્રમાણ ૧૯ ટકા ઔધોગિક ક્ષેત્રનું ૨૮ ટકા અને સેવા ક્ષેત્રનું પ્રમાણ ૫૩ ટકા જેટલું રહેલું છે. આર્થિક સર્વે ૨૦૧૧-૧૨ મુજબ રાષ્ટ્રીય આવકમાં કૃષિનો હિસ્સો ૧૯૫૦-૫૧માં ૫૦ ટકા હતો. તે ઘટીને ૨૦૦૦-૨૦૦૧માં ૨૨.૩ ટકા અને વર્ષ ૨૦૧૬-૧૭ માં ૧૭.૩ ટકા થયો છે (Economy Survey, 2016-17).

ભારત એક કૃષિ પ્રધાન દેશ છે અને ગામડાઓમાં મોટાભાગની વસ્તી કૃષિક્ષેત્ર ઉપર આધારીત હોય છે. ભારતીય અર્થતંત્ર કૃષિ પર આધારિત છે. કૃષિ ક્ષેત્ર દેશના વિકાસમાં અગત્યનો ભાગ ભજવે છે. ભારતનું કૃષિક્ષેત્ર સૌથી વધુ રોજગારી આપતું ક્ષેત્ર છે. આઝાદી સમયે ભારતના ૭૦ ટકા લોકો કૃષિ અને સંલગ્ન પ્રવૃતિમાંથી રોજગારી મેળવતા હતાં. ૨૦૦૧-૨૦૦૨માં ૫૮ ટકા જ્યારે ૨૦૧૬-૧૭ માં ૪૮ ટકા લોકોને રોજગારી પુરી પાડતું હતું (Economy Survey,2016-17). દેશની ૬૮ ટકાથી વધુ વસ્તી ગામોમાં છે(વસ્તી ગણતરી ભારત સરકાર, ૨૦૧૧). દેશમાં આદિવાસી(Scheduled Tribes, ST)ની કુલ વસ્તીના ૯૦ ટકા ગ્રામીણ વિસ્તારોમાં વસવાટ કરે છે. કૃષિનો ઝડપી વિકાસ માત્ર રાષ્ટ્રીય સ્તરે આત્મનિર્ભરતા હાંસલ

કરવા માટે જ નહિ પરંતુ ખોરાક, પોષણ અને પર્યાવરણીય સુરક્ષા માટે પણ જરૂરી છે. દેશના ઉદ્યોગોને તો ૪૦ ટકા કાચો માલ કૃષિમાંથી મળે છે. ભારતની કુલ નિકાસ-આવક પૈકીની ૭૦ ટકા આવક માત્ર કૃષિમાંથી મળી રહેતી હતી. જે વર્ષ ૨૦૧૩-૧૪ મુજબ દેશની કુલ નિકાસ-આવકમાં કૃષિ ક્ષેત્રનો ફાળો ૧૪.૨ ટકા થઈ ગયો છે (મિશ્રા અને પુરી,૨૦૧૪).

ત્રીજી પંચવર્ષીય યોજના(૧૯૬૧-૬૬) દરમિયાન ભારતમાં હરિયાળી ક્રાંતિની શરૂઆત થઈ. ખેતીમાં મુખ્યત્વે ઊંચી ઉપજ આપતા બિયારણો, રાસાયણક ખાતરો અને જંતુનાશક દવાઓના ઉપયોગ તથા સિંચાઈ અને યાંત્રિકીકરણમાં વધારાને હરિયાળી ક્રાંતિના પ્રેરક તરીકે ઓળખવામાં આવે છે. ભારતને અન્નના ઉત્પાદનના બાબતમાં સ્વાવલંબી બનાવવા માટે હરિયાળી ક્રાંતિની જરૂર જણાય આથી દેશમાં અન્ન સલામતી માટે હરિયાળી ક્રાંતિની શરૂઆત થઈ. ઉપરોક્ત બાબતો ઉપરાંત ખેડાણ હેઠળના વિસ્તારમાં વધારો કરવો અને ખેતરોમાં એક કરતાં વધારે પાકો લેવા ઉપર પણ ભાર મૂકાયો હતો. જમીન સુધારાએ પણ હરિયાળી ક્રાંતિમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. હરિયાળી ક્રાંતિએ ભારતમાં ખેતીની સ્થિતિ બદલી નાંખી ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો કર્યો છે.

જોહીરના (૨૦૦૦)ના મતે કૃષિવૈવિધ્યકરણ (Agriculture Diversification) એ પરંપરાગત કૃષિને ગતિશીલ, વ્યાપારી કૃષિમાં પરિવર્તિત કરવા માટેનું આગળનું પગથિયું છે. જે કૃષિ ઉત્પાદનમાં વૈવિધ્યકરણ કરીને ઉચું ઉત્પાદન આપતા પાકો તરફ વળીને કૃષિ ઉત્પાદનના વૃદ્ધિદરને વેગ આપવા માટે મોટી સંભાવના ધરાવે છે.

વ્યાસ(૧૯૯૬)ના મતે કૃષિની અંદર વૈવિધ્યકરણની વાત આવે ત્યારે એક પાકમાંથી બીજા પાક તરફ સ્થળાંતર કરવાની પ્રવૃતિ. આર્થિક વિકાસ માટે કૃષિ વૈવિધ્યકરણએ મહત્વપૂર્ણ પદ્ધતિ છે જો કે વૈવિધ્યકરણ ખેડૂતોની પ્રતિક્રિયાની તકો પર આધાર રાખે છે. કૃષિ વૈવિધ્યકરણના મૂળ અભિગમમાં સંપૂર્ણ સ્વતંત્રતા હોવી જોઈએ અને તેમાં સ્થાનિક ખેડૂતોની પરંપરાગત કુશળતા પણ સામેલ થયેલી હોવી જોઈએ.

ગ્રીમ્સના (૧૯૨૯)ના મતે કૃષિનુ વૈવિધ્યકરણ વ્યક્તિગત ખેડૂતોની રીતે સંખ્યાબંધ લાભો ધરાવે છે. પરંતુ આ લાભો ઘણા પરિબળો ઉપર આધારિત છે. આવા સંજોગોમાં જો મોટી સંખ્યામાં ખેડૂતોએ સમાન પરિવર્તનો કર્યા હોય તો તે બજાર અથવા ઉત્પાદનની કિંમત આપમેળે ઘટશે, પરિણામે તે ચોક્કસ ઉત્પાદનના પુરવઠામાં પરિણમે છે. ઉપરાંત ખૂબ ઓછા લોકો દ્વારા કરવામાં આવતા કૃષિ વૈવિધ્યકરણમાં ઉચ્ચતમ સ્તરનો નફો થાય છે, પરંતુ મોટા પ્રમાણમાં લોકો દ્વારા કૃષિ વૈવિધ્યકરણ કરવામાં આવે તો સામાન્ય રીતે નફો વધુ મર્યાદિત થઈ જાય છે.

ચેપ્લિન (૨૦૦૦)ના મતે ઘણા અર્થશાસ્ત્રીઓ જોખમ વ્યવસ્થાપનના સાધન તરીકે કૃષિ વૈવિધ્યકરણની હિમાયત કરે છે, તે એક એવી વ્યુહરચના છે કે, જેમાં કોઈ પણ સમયે એકથી વધુ પ્રવૃતિ કરવામાં આવે છે, તેમાં ઉત્પાદનના જોખમો અને આ જોખમોને ઓછા કરવાના પ્રયાસોનો સમાવેશ થાય છે.

લોન (૨૦૧૩)ના મતે કૃષિ વૈવિધ્યકરણની પ્રકિયા સુધારેલ ગ્રામીણ માળખાકીય સુવિધાની પ્રાપ્યતા, કૃષિ ઉત્પાદનમાં ઝડપી ટેકનોલોજીનો વિકાસ અને અનાજની માંગની તરાહને બદલીને

શરૂ થાય છે. તેથી ઉચી કિંમત આપતા પાકો તરફ વૈવિધ્યકરણની આ પ્રક્રિયા કૃષિ વિકાસમાં વેગ લાવશે અને ગ્રામીણ વિસ્તારોમાં કૃષિ ઉદ્યોગોના વિકાસથી સાહસિકતાના નવાયુગમાં પરિણમશે અને રોજગારીની નવી તકો ઊભી કરશે. ભારતમાં ઊંચી કિંમત આપતા પાકો તરફ કૃષિના વૈવિધ્યકરણ માટે ઘણો મોટો અવકાશ દેખાય છે.

ગોલેટી(૧૯૯૯)ના મતે કૃષિ વૈવિધ્યકણનો અર્થ ફક્ત એક કરતાં વધુ પાકો ઉત્પન્ન કરવાનો નથી, પરંતુ સમગ્ર ગ્રામીણ અર્થતંત્રને સમાવવા અને આવકના સ્ત્રૌતોને વિસ્તૃત કરવાનો છે. આ પ્રક્રિયામાં ફક્ત પાક જ નહી, પરંતુ નવા બજારો અને કૃષિ આધારીત ઔધોગિક પ્રવૃતિનો પણ સમાવેશ થાય છે. કૃષિ વૈવિધ્યકરણના સમર્થનમાં થયેલા વિવિધ અભ્યાસો સૂચવે છે કે, તેનીથી ઉત્પાદક્તા,રોજગારી અને આવક વધે છે.

2. સંશોધન પ્રશ્ન :

કૃષિ વૈવિધ્યકરણનો ઝોક આધુનિક ખેતી તરફ છે. ભારતે હરિયાળી ક્રાંતિના બોધપાઠો લીધા છે. આદિવાસી સમુદાયમાં આવક, રોજગારી વધારી જીવનસ્તર ઊંચી લાવવાની અપેક્ષા સાથે કૃષિ વૈવિધ્યકરણ કાર્યક્રમનો અમલ કરવામાં આવ્યો છે. આ સંદર્ભે મહત્વનો મુદ્દો એ બને છે કે, આદિવાસી સમુદાય કે જે વર્ષોથી પરંપરાગત અને મોટાભાગે સજીવ ખેતી કરે છે. તેઓની કૃષિમાં વૈવિધ્યકરણ કાર્યક્રમ હેઠળ જે સાધન સહાય આપવામાં આવે છે તેથી તેઓની કૃષિમાં કેવા લાભ થયા છે અને તેઓની આજીવિકામાં કેવા ફેરફાર થયા છે તે જાણવા માટે પસ્તુત અભ્યાસમાં કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

૧ શું કૃષિ વૈવિધ્યકરણ કાર્યક્રમ આદિવાસી ખેડૂતોની કૃષિ ઉત્પાદક્તા અને આવકમાં વધારો કરી શકશે ?

૨. કૃષિ વૈવિધ્યકરણ કાર્યક્રમ આદિવાસી સીમાંત ખેડૂતોની રોજગારીમાં વધારો કરીને સ્થળાંતર અટકાવી શકશે ?

૩. આ કાર્યક્રમ દ્વારા આદિવાસી ખેડૂતોની ખેતીમાં આધુનિકરણ કરવા માટે આપવામાં આવતી સહાય પુરતી છે ?

૪. આધુનિક ખેતી અંગે આદિવાસી ખેડૂતોનો અભિગમ શું છે ? કાર્યક્રમના લાભાર્થી ખેડૂતોની ખેતીની ગુણવતા ઉપર કોઈ અસર પડી છે ?

3. સંશોધના હેતુઓ

૧. અભ્યાસક્ષેત્રમાં કૃષિ વૈવિધ્યકરણ કાર્યક્રમના અમલીકરણ બાદ કૃષિ ઉત્પાદન,
ઉત્પાદકતા, રોજગારીની સ્થિતિ તપાસવી .

૨. કૃષિ વૈવિધ્યકરણ કાર્યક્રમ અંતર્ગત લાભાર્થીઓના આર્થિક જીવનસ્તરમાં આવેલા ફેરફારો તપાસવા.

4. સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન અભ્યાસ માટે મિશ્રસંશોધન (પરિમાણાત્મક અને ગુણાત્મક) પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ અભ્યાસમાં પ્રાથમિક અને દ્વિતિય માહિતીનો આધાર લેવાયો છે. પ્રાથમિક માહિતી માટે હેતુપૂર્ણ સ્તરીત નિદર્શ પસંદગી હેઠળ લાભાર્થી આદિવાસી ઉતરદાતાની પસંદગી કરીને મેળવવામાં આવી છે. જ્યારે દ્વિતિય માહિતી ભારત સરકારના વિવિધ હેવાલો, ગુજરાત સરકારના હેવાલો, સ્વતંત્ર સંશોધનો, અભ્યાસ પેપરો, વિવિધ વેબસાઈટમાંથી માહિતી મેળવવામાં આવી છે.

પ્રસ્તુત અભ્યાસ માટે હેતુપૂર્ણ સ્તરીત નિદર્શન પદ્ધતિનો ઉપયોગ કરી નિદર્શની પસંદગી કરવામાં આવી છે. તમામ લાભાર્થી સીમાંત અને

નાના ખેડૂતો છે. વલસાડ જિલ્લાના પસંદ કરેલા કુલ ૧૨ ગામોમાં કુલ લાભાર્થી ૭૭૧ છે. ૨૦ ટકા મુજબ ૧૫૫ લાભાર્થી ઉતરદાતા પસંદ કરેલા છે. એવી જ રીતે તાપી જિલ્લાના કુલ ૫ ગોમોમાં કુલ લાભાર્થીની સંખ્યા ૪૮૦ છે. ૨૦ ટકા મુજબ ૯૬ લાભાર્થી ઉતરદાતા પસંદ કરેલ છે. આમ કુલ બે વલસાડ અને તાપી જિલ્લાના બે તાલુકાના ૧૭ ગામોમાંથી કુલ ૧૨૫૧ લાભાર્થીમાંથી ૨૦ ટકા મુજબ ૨૫૧ સીમાંત લાભાર્થીની હેતુપૂર્ણ સ્તરીત નિદર્શનને આધારે પસંદગી કરવામાં આવી છે.

5. કૃષિ વૈવિધ્યકરણ કાર્યક્રમના લાભાર્થીઓના જીવન ધોરણ ઉપર પડેલ અસરો

પ્રસ્તુત અભ્યાસમાં લાભાર્થીઓને કૃષિ વૈવિધ્યકરણ કાર્યક્રમ અંતર્ગત આપવામાં આવેલ વિવિધ સહાય દ્વારા તેઓના કુટુંબમાં કૃષિમાં રોજગારી, આવકમાં, જીવન ધોરણમાં થયેલ ફેરફારોને તપાસવામાં આવ્યા છે. આ ઉપરાંત કાર્યક્રમ અંગેના તેમના મંતવ્યો જાણવામા આવ્યા છે. કુલ ૨૫૧ ઉત્તરદાતા કુટુંબોમાં છે. તેઓ સીમાન્ત ખેડૂતો અને સમાન સામાજિક, આર્થિક સ્થિતિ અને રહેઠાણ ધરાવે છે. તેઓના સંદર્ભે લાભાર્થી કુટુંબો ઉપર આ કાર્યક્રમની અસરોને જાણવામાં આવી છે.

5.1. લાભાર્થીઓને પ્રાપ્ત થયેલ બિયારણની સહાય (જથ્થામાં)

અભ્યાસક્ષેત્રમાં લાભાર્થીઓને શાકભાજીનાં પાકોમાં દૂધી, ભીંડા, કારેલા, ટામેટા, રીંગણ જેવા પાકોના બિયારણો આપવામાં આવ્યા હતાં. એક લાભાર્થીને એક જ પાકના બિયારણની સહાય આપવામાં આવી હતી. જેમાં દૂધી ૬૦૦ ગ્રામ, ભીંડા ૪ કિ.ગ્રા, કારેલા ૧.૧ ગ્રામ, રીંગણ ૬૦ ગ્રામ અને ટામેટા ૬૫ ગ્રામ બિયારણની સહાય આપવામાં આવી હતી. લાભાર્થી ઉત્તરદાતાઓને આપવામમાં આવેલ શાકભાજીના પાકોની વિગત નીચેના કોષ્ટક નં. ૬.૧માં રજૂ કરી છે.

કોષ્ટક: 1. લાભાર્થીઓએ મેળવેલ શાકભાજીના પાકોના બિયારણનો જથ્થો (કિ.ગ્રા) દર્શાવતું કોષ્ટક (વર્ષ-2016-17)

તાલુકા	રીંગણ	ટામેટા	કારેલા	દૂધી	ભીંડા	કુલ	ખેડૂતદિઠ
કપરાડા	9.3 (0.96)	10.07 (1.04)	170.5 (17.67)	93 (9.64)	682 (70.68)	964.88 (100)	6.23
ઉચ્છલ	4.62 (0.79)	5.05 (0.86)	105.6 (18.09)	46.2 (7.91)	422.4 (72.34)	583.87 (100)	6.8
કુલ	**13.92 (0.90)**	**15.125 (0.98)**	**276.1 (17.83)**	**139.2 (8.99)**	**1104.4 (71.31)**	**1548.75 (100)**	**6.17**

સ્ત્રોત : ક્ષેત્રકાર્ય (2019), નોંધ : ( ) ટકા દર્શાવેલ છે.

અભ્યાસક્ષેત્રમાં સૌથી વધુ ૭૧.૩૧ ટકા લાભાર્થીઓએ ભીંડાનું બિયારણ લીધુ હતું. ઉચ્છલમા ૭૧.૩૧ ટકા અને કપરાડામાં ૭૦.૬૮ ટકા લાભ ભીંડાના બિયારણનો લીધેલ હતો. ત્યાર બાદ ૧૭.૮૩ ટકા કારેલાનું બિયારણ લીધુ હતુ. અને તેનું પ્રમાણ ઉચ્છલમાં સૌથી વધુ જોવા મળે છે. રીંગણના બિયારણની સહાય કપરાડામાં ૦.૯૬ ટકા જ્યારે ઉચ્છલમાં ૦.૭૯ ટકા લીધેલ હતું જે સૌથી ઓછુ પ્રમાણ જોવા મળે છે. આમ કપરાડા અને ઉચ્છલમાં ભીંડા, કારેલા અને દૂધીના બિયારણની સહાય વધુ આપેલ છે એમ કહી શકાય. ખેડૂતદીઠ બિયારણની સહાય

કપરાડામાં ૬.૨૩ કિ.ગ્રા જ્યારે ઉચ્છલમાં ૬.૮ કિ.ગ્રા. જોવા મળે છે. આમ કપરાડામાં ખેડૂતદીઠ જથ્થો વધુ જોવા મળે છે.

5.2. લાભાર્થીઓને પ્રાપ્ત થયેલ બિયારણની સહાય (નાણાંકિય)

પહેલા પણ લાભાર્થીઓ શાકભાજીના બિયારણની ખરીદી બજારમાંથી કરતા હતા પરંતુ લાભ મળવાથી તે ખર્ચ હવે બીજા પાકોના બિયારણ પાછળ કરી શકે અને એટલી રકમની બચત થાય. બિયારણની નાણાંકિય સહાયથી લાભાર્થીને કેટલો લાભ થયો છે. તે નીચેના કોષ્ટક નં. ૬.૨માં વિગતો રજૂ કરી છે.

કોષ્ટક: 2. લાભાર્થીઓએ મેળવેલ બિયારણનું મૂલ્ય (રૂપિયામાં)માં દર્શાવતું કોષ્ટક (વર્ષ-2016-17)

તાલુકા	રીંગણ	ટામેટા	કારેલા	દૂધી	ભીંડા	કુલ	ખેડૂતદિઠ
કપરાડા	41850 (2.6)	25841.6 (1.6)	397575 (24.7)	119970 (7.5)	1025015 (63.7)	1610252	6415.35
ઉચ્છલ	25920 (2.6)	16005.12 (1.6)	246240 (24.7)	74304 (7.5)	634848 (63.7)	997317.1	3973.37
કુલ	**67770 (2.6)**	**41846.72 (1.6)**	**643815 (24.7)**	**194274 (7.5)**	**1659863 (63.7)**	**2607569**	**10388.72**

સ્ત્રોત : ક્ષેત્રકાર્ય (2019).

બિયારણની નાણાંકિય સહાયમાં ભીંડાની સૌથી વધુ જોવા મળે છે. આમ સૌથી વધુ નાણાંકિય ખર્ચ ભીંડાના બિયરણ માટે થયો હતો. ત્યાર બાદ કારેલાના બિયારણા પાછળનો હતો. સૌથી ઓછી નાણાંકિય સહાય રીંગણ અને ટામેટાના બિયારણો માટે કરી હતી. કારણ કે, બિયારણનું પ્રમાણ પણ ઓછુ આપવામાં આવ્યુ હતું આથી તેનુ મુલ્ય પણ ઓછું હતું. ખેડૂતદીઠ બિયારણની સહાય કપરાડામાં રૂપિયા ૬૪૧૪.૩૫ જ્યારે ઉચ્છલમાં રૂપિયા ૩૯૭૩.૩૭ની આપી હતી.

5.3. લાભાર્થીઓને પ્રાપ્ત થયેલ ખાતરની સહાય (જથ્થામાં)

કાર્યક્રમ દ્વારા લાભાર્થીઓને સહાય આપવા માટે કાર્યક્રમની શરૂઆત થઈ તે પ્રમાણે લાભાર્થીઓને ત્રણ પ્રકારના રાસાયણિક ખાતરોની સહાય આપી હતી જેમાં યુરીયા, ડી.એ.પી. અને એમ.ઓ.પી. પ્રકારના ખાતરોનો આપવામાં આવ્યા હતા જેમાં વ્યકતિદીઠ યુરીયા ૫૦ કિ.ગ્રા, એમ.ઓ.પી. ૫૦ કિ.ગ્રા અને ડી.એ.પી. ૨૫ કિ.ગ્રા આમ કુલ ૧૨૫ કિ.ગ્રા રાસાયણિક ખાતરોની સહાય આપી હતી. તે અંગેનો અભ્યાસ કરતા નીચે મુજબની માહિતી પ્રાપ્ત થઈ છે જે કોષ્ટક નં. ૬.૩માં દર્શાવેલ છે.

કોષ્ટક : 3. લાભાર્થીઓએ મેળવેલ ખાતરનો જથ્થો (કિ.ગ્રા) દર્શાવતું કોષ્ટક (વર્ષ-2016-17)

તાલુકા	યુરીયા *	એમ.ઓ.પી.*	ડી.એ.પી *	કુલ	ખેડૂતદિઠ
કપરાડા	7750 (40.0)	7750 (40.0)	3875 (20.0)	19375 (100)	125.0
ઉચ્છલ	4800 (40.0)	4800 (40.0)	2400 (20.0)	12000 (100)	125.0
કુલ	**12550 (40.0)**	**12550 (40.0)**	**6275 (20.0)**	**31375 (100)**	**125.0**

સ્રોત : ક્ષેત્રકાર્ય (2019).

*MOP = Muriate of Potash, DAP = Diammonium Phosphate

કુલ રાસયણિક ખાતરોની સહાયનું પ્રમાણ ૩૧૩૭૫ કિ.ગ્રા હતું. જેમાં કપરાડામાં ૧૯૩૭૫ કિ.ગ્રા જ્યારે ઉચ્છલમાં ૧૨૦૦૦ કિ.ગ્રા હતું. કપરાડા અને ઉચ્છલમાં લાભાર્થીઓને રાસયણિક ખાતરોમાં યુરીયા ૪૦ ટકા એમ.ઓ.પી. ૪૦ અને ડી.એ.પી. ૨૦ ટકા આપવામાં આવ્યું હતું. ખેડૂતદિઠ ખાતરોનું પ્રમાણ ૧૨૫ કિ.ગ્રા. હતું. જથ્થાનું પ્રમાણ કપરાડા અને ઉચ્છલમાં સરખુ જ જોવા મળે છે.

5.4. લાભાર્થીઓને પ્રાપ્ત થયેલ ખાતરની સહાય (નાણાંકિય)

આધુનિક ખેતી કરવા માટેના એક સાધનોમાં રાસાયણિક ખાતરોનો સમાવેશ થાય આદિવાસી ખેડૂત બજારને ધ્યાનમાં રાખીને ખેતી કરે તો ખેતીમાંથી વધુ આવક પ્રાપ્ત કરી શકે આ આવકમાં વધારો કરી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા તેમને ખર્ચમાં થોડી રાહત રહે તે માટે ખાતર માટે નાણાંકિય સહાય આપવામાં આવી હતી

કોષ્ટક : 4. લાભાર્થીઓએ મેળવેલ ખાતરનું મૂલ્ય (રૂપિયામાંમાં) દર્શાવતું કોષ્ટક

તાલુકા	યુરીયા *	એમ.ઓ.પી.*	ડી.એ.પી *	કુલ	ખેડૂતદીઠ
કપરાડા	49623.25 (16.2)	168128.50 (54.8)	89280.00 (29.1)	307031.75 (100)	1223.23
ઉચ્છલ	30734.40 (16.2)	104131.20 (54.8)	55296.00 (29.1)	190161.60 (100)	757.62
કુલ	**80357.65 (16.2)**	**272259.70 (54.8)**	**144576.00 (29.1)**	**497193.35 (100)**	**1980.85**

સ્રોત : ક્ષેત્રકાર્ય (2019).

કપરાડા અને ઉચ્છલમાં ૫૪.૮ ટકા નાણાંકિય સહાય એમ.ઓ.પી ખાતર માટે આપવામાં આવી હતી. ત્યાર બાદ ૨૯.૧ ટકા નાણાંકિય સહાય ડી.એ.પી. ખાતરની હતી. અને એમ.ઓ.પી ખાતરની ૧૬.૨ ટકા હતી. ખાતરની નાણાંકિય સહાય ખેડૂતદીઠ કપરાડામાં ૧૨૩૩.૨૩ અને ઉચ્છલમાં ૭૫૭.૬૨ રૂપિયાની આપી હતી જ્યારે કુલ સહાય ખેડૂતદીઠ રૂપિયા ૧૯૮૦.૮૫ હતી.

5.5. લાભાર્થીઓનો વાવેતર વિસ્તાર

કુલ ૨૫૧ લાભાર્થી ઉત્તરદાતાઓની ખેતી ચોમાસા ઉપર આધારિત છે અને કેટલાક શિયાળામાં સિંચાઈનો લાભ લઈને પાક લે છે. બંને જિલ્લામાં લેવામાં આવતા પાકો મુખ્યત્વે ખાદ્યપાકો અને બિન ખાદ્ય પાકો છે. વાવેતર વિસ્તારના આધારે ઉત્પાદન અને ઉત્પાદકતા નક્કિ થાય છે. લાભાર્થી ઉત્તરદાતાઓએ લાભ પહેલા અને લાભ પછી ખાદ્યપાકોમાં નાગલી, ડાંગર, જુવાર, ઉપરાંત કઠોળમાં અડદ, તુવેર તેમજ રોકડીયા પાકોમાં મગફળી, સોયાબીન, મકાઈ જેવાં પાકોનું વાવેતર કર્યુ હતુ. જ્યારે લાભ લીધાના વર્ષે (2016-17) શાકભાજીના પાકોમાં રીંગણ, ટામેટા, ભીંડા, કારેલા, દૂધી જેવા પાકનું વાવેતર કર્યુ હતુ. આ સંદર્ભે લાભાર્થી ઉત્તરદાતાઓના વાવેતર વિસ્તરોનું વિશ્લેષણ અહિયા રજૂ કર્યુ છે.

કોષ્ટક : 5. કૃષિ વૈવિધ્યકરણ કાર્યક્રમ હેઠળ લાભ લીધેલ પાકોનો વાવેતર વિસ્તાર (એકરમાં) દર્શાવતું કોષ્ટક (વર્ષ-2016-17)

પાકો	કપરાડા	ઉચ્છલ	કુલ	કુટુંબદીઠ વાવેતર વિસ્તાર
દૂધી	42.4 (13.88)	9 (4.80)	51.4 (10.42)	0.20
ભીંડા	74.7 (24.54)	63.9 (34.06)	138.6 (28.11)	0.55
કારેલા	62.7 (20.52)	40.7 (21.70)	103.4 (20.97)	0.41
ટામેટા	71.4 (23.37)	31.9 (17.0)	103.3 (20.95)	0.41
રીંગણ	54.3 (17.77)	42.1 (22.44)	96.4 (19.55)	0.38
કુલ	305.5 (100)	187.6 (100)	493.1 (100)	1.96

સ્રોત : ક્ષેત્રકાર્ય (2019).

કુલ સહાય મેળવેલ પાકોનો વાવેતર વિસ્તાર ૪૯૩.૧ હતો જેમાં ભીંડાનો ૨૮. ૧૧ ટકા, કારેલા ૨૦.૯૭ ટકા, અને ટામેટાનો ૨૦.૯૫ ટકા હતો. જે સૌથી વધુ હતો. કપરાડામાં ભીંડા, ટામેટા, કારેલાના પાકનું વાવેતર વધુ થયું હતું જ્યારે ઉચ્છલમાં ભીંડાનું વાવેતર ૩૪.૦૬ ટકા અને રીંગણનું ૨૨.૪૪ ટકામાં કર્યું હતું જ્યારે દૂધીનો વાવેતર વિસ્તાર ઓછો જોવા મળે છે.

શાકભાજીના પાકોમાં ભીંડા, કારેલા, રીંગણ, ટામેટા અને દૂધીનું ઉત્પાદન લીધુ હતું ઉત્પાદક્તા જમીન વિસ્તારના સંદર્ભે છે. કુલ વાવેતર વિસ્તારનો આધાર લઈને કુટુંબદીઠ ઉત્પાદન અને ઉત્પાદક્તા મેળવવામાં આવી છે. લાભાર્થી ખેડૂતોએ સહાય મેળવ્યા બાદ કૃષિક્ષેત્રે કુલ ઉત્પાદન અને પાકની ઉત્પાદક્તામાં કેવા ફેરફાર થયા છે તે તપાસવામાં આવ્યું છે.

5.6. પાકોનું ઉત્પાદન અને ઉત્પાદક્તા

કોષ્ટક : 6. કૃષિ વૈવિધ્યકરણ કાર્યક્રમ હેઠળ લાભ લીધેલ પાકોનું ઉત્પાદન (મણમાં) દર્શાવતું કોષ્ટક (વર્ષ-2016-17)

શાકભાજીના પાકો	કપરાડા	ઉચ્છલ	કુલ	કુટુંબદીઠ ઉત્પાદન	ઉત્પાદક્તા
દૂધી	372	112.1	484.1	1.93	9.42
ભીંડા	712.1	377.1	1089.2	4.34	7.86
કારેલા	733.9	297.5	1031.4	4.11	9.97
ટામેટા	1261.9	280.9	1542.8	6.15	14.94
રીંગણ	631	426.2	1057.2	4.21	10.97
કુલ	3710.9	1493.8	5204.7	20.74	10.56

સ્રોત : ક્ષેત્રકાર્ય (2019).

લાભાર્થીઓએ લાભના વર્ષે સૌથી વધુ કપરાડામાં ટામેટાનું ઉત્પાદન કર્યું હતું જ્યારે ઉચ્છલમાં રીંગણનું ઉત્પાદન લીધું હતું. કપરાડામાં કુલ ઉત્પાદન શાકભાજીનું ૩૭૧૦.૯ મણ થયું હતું જ્યારે ઉચ્છલમાં ૧૪૯૩.૮ મણ આમ કુલ ત્પાદન ૫૨૦૪.૭ મણ થયું હતું. કુટુંબ દીઠ ભીંડાનું ઉત્પાદન ૪.૩૪ મણ, રીંગણનું ૪.૨૧ મણ અને ટામેટાનું ૬.૧૫ મણ જોવા મળે છે જ્યારે સૌથી ઓછું ઉત્પાદન દૂધીનુ ૧.૯૩ મણ જોવા મળે છે. ઉત્પાદક્તા ટામેટાની ૧૪.૯૪ જોવા મળે છે. બીજા બધા શાકભાજીના પાકોની ઉત્પાદક્તા ૯ મણની આજુબાજુ જોવા મળે છે.

5.7. પાકોની આવક

લાભાર્થીઓ અનાજનું વેચાણ કરે છે પણ પોતાના વપરાશ જેટલું રાખે છે બાકીનું વેચાણ કરી દે છે. કારણ કે આદિવાસી સંસ્કૃતિ પ્રમાણે મોટાભાગનાં ખેડૂતોમાં એવી માન્યતા પ્રચલિત હતી કે ખેતરમાં જે અનાજ પાકે છે તેને પોતાના ઘરવપરાશ માટે જ રાખવું જોઈએ ઘરમાં અનાજ હશે તો જ્યારે કુદરતી આપતિ કે અન્ય પ્રકારની સમસ્યાઓ આવે ત્યારે જીવન નિર્વાહ માટે કામમાં આવશે ઘરમાં પૈસાના હોય અને કોઈ પ્રંસગ આવી ગયો હોય એવા સમયે જ અનાજનું વેચાણ કરતાં હતાં. ઘણી વાર બજારના ભાવો ઉપર આવકનો આધાર રહેતો હોય છે કારણ કે બજાર ભાવ ઓછા મળે તો ઘણી વાર ખેતીના ખર્ચ જેટલી પણ આવક મળતી નથી.

કોષ્ટક : 7. કૃષિ વૈવિધ્યકરણ કાર્યક્રમ હેઠળ લાભ લીધેલ પાકોની કુટુંબદીઠ આવક (રૂપિયામાં) દર્શાવતું કોષ્ટક (વર્ષ-2016-17)

શાકભાજીના પાકો	કપરાડા	ઉચ્છલ	કુલ
દૂધી	856.8	440.9375	1297.73
ભીંડા	2767.083	2440.542	5207.62
કારેલા	1906.368	1260.958	3167.327
ટામેટા	3507.054	1170.417	4677.47
રીંગણ	2011.66	1909.021	3920.68
કુલ	11048.96	7221.875	18270.84

સ્ત્રોત : ક્ષેત્રકાર્ય (2019).

લાભાર્થીઓની કુટુંબદીઠ આવક રીંગણની ૩૯૯૨૦.૬૮ રૂપિયા જ્યારે ભીંડાની ૫૨૦૭.૬૨ રૂપિયા હતી કપરાડામાં સૌથી વધુ આવક ૩૫૦૭.૫૪ રૂપિયા ટામેટાની હતી જ્યારે ઉચ્છલમાં ૨૪૪૦.૫૪ ભીંડાની હતી એવું કહી શકાય શાકભાજીના પાકોની કુલ કુટુંબદીઠ આવક રૂપિયા ૧૮૨૭૦.૮૪ ની હતી જે ઉચ્છલમાં આ આવક ૭૨૨૧.૮૭ અને કપરાડામાં ૧૧૦૪૮.૯૬ રૂપિયા હતી આમ આ આવક ઘણી ઓછી છે એવું કહિ શકાય. કપરાડામાં મોટા ભાગના ખેડૂતોનું એવુ કહેવુ હતું કે, શાકભાજીના પાકોની ખેતી કરવી એના કરતા મજુરી કરવી સારી છે કારણ કે, રીંગણનો ભાવ મણના ૪૦૦ રૂપિયા હોય એના કરતા એક વ્યક્તિની આવક એક દિવસની ૫૦૦ રૂપિયા મળે છે. અને પતિ-પત્ની બંને જાય તો ૧૦૦૦ રૂપિયા દિવસની રોજગારી મળી રહે આમ

ખેતી કરવા કરતા સ્થળાંતર કરી રોજગારી મેળવવી સારી.

5.8. લાભાર્થીઓનો ખેતી ખર્ચ

ખેતીમાં ઉત્પાદન સમયે ઘણાં ખર્ચ કરવા પડતા હોય છે જેમા શ્રમ, જમીનખેડાણ, સિંચાઈ, ખેત સાધનો, ખાતર, બિયારણ, અને દવા પાછળ કરવા પડે છે. અને આ ખર્ચ કુંટુબોની આર્થિક પરિસ્થિતિ પ્રમાણે ખેડૂતો કરતા હતા. ખર્ચમાં ઘરનો અને બજારના સાધનો બંનેનો સમાવેશ કરેલ છે.

કોષ્ટક : 8. કૃષિ વૈવિધ્યકરણ કાર્યક્રમ હેઠળ લાભ લીધેલ પાકોનો કુટુંબદીઠ ખર્ચ (રૂપિયામાં) દર્શાવતું કોષ્ટક (વર્ષ-2016-17)

ખર્ચના પ્રકાર		કપરાડા	ઉચ્છલ	કુલ
ખર્ચ-A	**માનવશ્રમ(ભાડે)**	2300.903	2923.47	2539.016
	ખેડાણ/સાધન	1620.581	2446.79	1936.582
	બિયારણ	1022.516	991.77	1010.757
	છાણિયું ખાતર	1222.632	2627.19	1759.833
	રાસયણિક ખાતર	250	250.00	250
	સિંચાઈ	3944.019	2340.58	3330.753
	જંતુનાશક દવા	2594.994	1856.67	2312.606
	કુલ ખર્ચ – A	12955.65	13436.47	13139.55
ખર્ચ-C	માનવશ્રમ (ઘરનું)	1804.923	1373.92	1640.076
	કુલ ખર્ચ (A+C)	14760.57	14810.39	14779.62

સ્ત્રોત : ક્ષેત્રકાર્ય (2019).

કૃષિ વૈવિધ્યકરણ કાર્યક્રમના વર્ષ દરમિયાન ખાતર અને બિયારણની સહાય મળેલ હોવાથી એ સમયનો બિયારણ અને ખાતરનો ખર્ચ ઓછો જોવા મળે છે. કપરાડા અને ઉચ્છલમાં ૧.૯૦ ટકા ખર્ચ રાસાયણિક ખાતરો પાછળ હતો જ્યારે બિયારણો પાછળ ૧.૬૯ ટકા ખર્ચ કર્યો હતો જે સૌથી ઓછો હતો. આમ સહાયના વર્ષ દરમિયાન જોઈએતો કુટુંબદીઠ ખાતર અને બિયારણ પાછળ રૂપિયા૨૫૦નો ખર્ચ કરેલ જોવા મળે છે. સહાયના વર્ષ દરમિયાન લાભાર્થીઓએ ખર્ચ-અ માં સિંચાઈઅને જંતુનાશક દવાઓ પાછળ સૌથી વધુ ખર્ચ કરેલ જોવા મળે છે તેમાં લાભના વર્ષે કપરાડામાં ૧૭.૫૮ દવાઓનો ઉપયોગ કર્યો હતો. દવાનો ઉપયોગ જંતુઓ મારવા ઉપરાંત ઘાસને કાઢવા માટે ઉપયોગ કર્યો હતો અને આ દવા પાકના વાવેતર કર્યા પહેલા એક વાર અને ત્યારબાદ ત્રણથી ચાર વાર દવાનો છંટકાવ કરતા હતા. કુટુંબદીઠ ખર્ચ કુલ રૂપિયા ૧૪૭૭૯.૬૨ હતો જ્યારે ખર્ચ-અ રૂપિયા ૧૩૧૩૯.૫૫ અને માનવશ્રમ ખર્ચ-ક રૂપિયા ૧૬૪૦.૭૬ જોવા મળ્યો હતો.

કોષ્ટક : 9. કુટુંબદીઠ આવક-ખર્ચ તફાવત (વર્ષ-2016-17)

તાલુકા	કુલ આવક	કુલ ખર્ચ	ચોખ્ખી આવક
કપરાડા	11048.96	8844.17	2204.79
ઉચ્છલ	7221.87	5289.78	1932.09
કુલ	18270.84	14133.95	4136.89

સ્રોત : ક્ષેત્રકાર્ય (2019).

કપરાડામાં લાભ સમયે કુટુંબદીઠ આવક રૂપિયા ૧૧૦૪૮.૯૬ હતી જ્યારે તેની સામે ખર્ચ કુટુંબદીઠ રૂપિયા ૮૮૪૪.૧૭ હતો આમ લાભ આપવામાં આવેલ પાકોની ચોખ્ખી આવક કપરાડામાં રૂપિયા ૨૨૦૪.૭૯ હતી. જ્યારે ઉચ્છલમાં કુલ આવક ૭૨૨૧.૮૭ રૂપિયા અને ખર્ચ ૫૨૮૯.૭૮ હતો જ્યારે ચોખ્ખી આવક રૂપિયા ૧૯૩૨.૦૯ હતી. આમ એમ કહી શકાય કે ખેડૂત લાભાર્થી ખેતીમાંથી બે ગણી આવક પ્રાપ્ત કરી શક્યો નથી લાભાર્થી ઉત્તરદાતા ઓનું આવક કરતા ખર્ચનું પ્રમાણ ઓછું જોવા મળે છે ઉપરાંત બજારમાંથી ભાડે લીધેલ સાધનોનો ભાવ વર્ષે વર્ષે વધતો જોવા મળે છે જ્યારે ઉત્પાદનના મહત્તમ ટેકાના ભાવ પાકોના મળવા જોઈએ તે મળતા નથી આથી ખેડૂતને ખોટ જતી જોવા મળે છે.

5.9. પાકોના વેચાણ માટેનું માર્કેટ દર્શાવતું કોષ્ટક

ખેડૂતો વર્ષ દરમિયાન જે ઉત્પાદન કરે છે તેના વેચાણ માટેનું બજાર છે કે નહિ અને બજાર હોય તો કેવા પ્રકારના બજારમાં તેનું વેચાણ કરે છે એ મહત્વનું છે. નીચેના કોષ્ટકમાં પોકના વેચાણ માટેના બજારો અંગેની માહિતી આપવામાં આવી છે.

કોષ્ટક : 10. કૃષિ વૈવિધ્યકરણ કાર્યક્રમનો લાભ લીધા બાદ પાકોનું વેચાણ દર્શાવતું કોષ્ટક

તાલુકા	APMC	સરકારે નક્કી કરેલ સ્થળે	વેપારીઓને વેચાણ	હાટ/છુટક વેચાણ	કુલ
કપરાડા	73 (47.10)	23 (14.84)	12 (7.74)	47 (30.32)	155 (100)
ઉચ્છલ	48 (50.0)	10 (10.42)	4 (417)	34 (35.42)	96 (100)
કુલ	121 (48.21)	33 (13.15)	16 (6.37)	81 (32.27)	251 (100)

સ્રોત : ક્ષેત્રકાર્ય (2019).

કૃષિ વૈવિધ્યકરણ કાર્યક્રમનો લાભ લીધા બાદ લાભાર્થીઓ સૌથી વધુ શાકભાજીનું વેચાણ માર્કેટ યાર્ડમાં કરેલ જોવા મળે છે. થોડા લાભાર્થીઓએ ગામોમાં ભરાતા હાટબજાર કે શહેરોમાં છુટક વેચાણ કર્યુ હોય તેવુ જોવા મળે છે. સરકારે નક્કિ કરેલ સ્થળોએ સૌથી ઓછા લાભાર્થીઓએ વેચાણ કર્યું હતું. લાભાર્થીઓએ વેપારીઓને શાકભાજીઓનું વેચાણ કરેલ હોય તેનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

5.10. કાર્યક્રમ અંગેના ઉત્તરદાતાના મંતવ્યો

કોઈ પણ કોઈ નવી નિતી કાર્યક્રમો આદિવાસી વિસ્તારોમાં લઈ જવામાં આવે છે તો આ કાર્યક્રમને કારણે તેમાં ક્યા આર્થિક પરિવર્તનો આવી શકે એ જાણવા માટે લોકોના અભિપ્રાયો મંતવ્યો લેવામાં આવ્યા હતાં તે કાર્ય ક્રમ અંગે તેઓ સહમત છે કે અસહમત એ જાણવામાં આવ્યું હતું . આ કાર્યક્રમ વિશે તેમના મનમાં શુ ચાલે છે, તેઓ શું વિચારે છે તેઓ ક્યા પ્રકારનો વિચાર કરે છે તેની અસરોને જાણવા માટે લીકર્ટ સ્કેલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સહાય તેમની જરૂરીયાતોને તે પરીપૂર્ણ કરે છે કે નહી તે મહત્વનું છે.

કોષ્ટક : 11. લાભાર્થીઓને મળતી ખાતર અને બિયારણની સહાય અંગેના મંતવ્યો દર્શાવતું કોષ્ટક

આપવામાં આવતી ખાતર અને બિયારણની સહાય પ્રયાપ્ત છે કે નહી ?	કપરાડા	ઉચ્છલ	કુલ
દઢ પણે સંમત	13 (8.39)	0 (0)	13 (5.18)
સમંત	17 (10.97)	11 (11.46)	28 (11.16)
અનિર્ણતિ	9 (5.81)	5 (5.21)	14 (5.58)
અસંમત	38 (24.52)	51 (53.13)	89 (35.46)
દઢપણે અસંમત	78 (50.32)	29 (30.21)	107 (42.63)
કુલ	155 (100)	96 (100)	251 (100)

સ્રોત : ક્ષેત્રકાર્ય (2019)



લાભાર્થીઓને જે સહાય આપવામાં આવે છે એ સહાય સાથે કપરાડામાં ૧૦.૯૭ ટકા લોકો સંમત હતા, જ્યારે ઉચ્છલમાં ૧૧.૪૬ ટકા, ૪૨.૬૩ ટકા લાભાર્થીઓ જે સહાય આપવામાં આવે તેનાથી દઢ પણે અસંમત હતા જ્યારે ૩૫.૪૬ ટકા અસંમત હતા. કપરાડામાં ૫૦.૩૧ ટકા દઢપણે અસંમત જ્યારે ઉચ્છલમાં ૫૩.૧૩ ટકા અસંમત હતા.

કોષ્ટક: 12. ખાતર અને બિયારણની સહાય લીધા બાદ લાભાર્થીના જીવનધોરણમાં સુધારો દર્શાવતું કોષ્ટક

તાલુકા	કપરાડા	ઉચ્છલ	કુલ
દઢ પણે સંમત	9 (5.96)	3 (3.13)	12 (4.86)
સમંત	13 (8.61)	6 (6.25)	19 (7.69)
અનિર્ણિત	18 (11.92)	13 (13.54)	31 (12.55)
અસંમત	24 (15.89)	19 (19.79)	43 (17.41)
દઢપણે અસંમત	87 (57.62)	55 (57.29)	142 (57.49)
કુલ	151 (100)	96 (100)	247 (100)

સ્ત્રોત : ક્ષેત્રકાર્ય (2019).

૭૨.૫૧ દઢપણે અસંમત હતાં કે ખાતર અને બિયારણની સહાય આપવાથી તેમની ખેતીમાંથી મળતી રોજગારી અને જીવનધોરણમાં સુધારો થયો નથી. ઉચ્છલમાં ૭૬.૦૪ ટકા, કપરાડામાં ૭૦.૩૨ ટકા લોકો દઢ પણે અસંમત હતાં કારણ કે,મોટાભાગના લાભાર્થીઓ તેમને આપવામાં આવતા ખાતર અને શાકભાજીના બિયારણથી અસંતોષ હતો એક સીઝન કે એક વર્ષે આ સહાય આપવાથી ખેતીમાંથી બે ગણી આવક પ્રાપ્ત કરી શકાતી નથી.

6. તારણો અને સુચનો

1. કુલ સહાય મેળવેલ પાકોનો વાવેતર વિસ્તાર ૪૯૩.૧ હતો જેમાં ભીંડાનો ૨૮. ૧૧ ટકા, કારેલા ૨૦.૯૭ ટકા, અને ટામેટાનો ૨૦.૯૫ ટકા હતો. જે સૌથી વધુ હતો. કપરાડામાં ભીંડા, ટામેટા, કારેલાના પાકનું વાવેતર વધુ થયું હતું જ્યારે

2. ઉચ્છલમાં ભીંડાનું વાવેતર ૩૪.૦૬ ટકા અને રીંગણનું ૨૨.૪૪ ટકામાં કર્યુ હતું જ્યારે દૂધીનો વાવેતર વિસ્તાર ઓછો જોવા મળે છે.

3. કપરાડામાં કુલ ઉત્પાદન શાકભાજીનું ૩૭૧૦.૯ મણ થયું હતું જ્યારે ઉચ્છલમાં ૧૪૯૩.૮ મણ આમ કુલ ત્પાદન ૫૨૦૪.૭ મણ થયું હતું.

4. કુટુંબદીઠ ભીંડાનું ઉત્પાદન ૪.૩૪ મણ, રીંગણનું ૪.૨૧ મણ અને ટામેટાનું ૬.૧૫ મણ જોવા મળે છે જ્યારે સૌથી ઓછું ઉત્પાદન દૂધીનુ ૧.૯૩ મણ જોવા મળે છે.

5. ઉત્પાદક્તા ટામેટાની ૧૪.૯૪ જોવા મળે છે. બીજા બધા શાકભાજીના પાકોની ઉત્પાદક્તા ૯ મણની આજુબાજુ જોવા મળે છે.

6. શાકભાજીના પાકોની કુલ કુટુંબદીઠ આવક રૂપિયા ૧૮૨૭૦.૮૪ ની હતી જે ઉચ્છલમાં આ

આવક ૭૨૨૧.૮૭ અને કપરાડામાં ૧૧૦૪૮.૯૬ રૂપિયા હતી

7. આમ આ આવક ઘણી ઓછી છે એવું કહિ શકાય. કપરાડામાં મોટા ભાગના ખેડૂતોનું એવુ કહેવુ હતું કે, શાકભાજીના પાકોની ખેતી કરવી એના કરતા મજુરી કરવી સારી છે કારણ કે, રીંગણનો ભાવ મણના ૪૦૦ રૂપિયા હોય એના કરતા એક વ્યક્તિની આવક એક દિવસની ૫૦૦ રૂપિયા મળે છે. અને પતિ-પત્ની બંને જાય તો ૧૦૦૦ રૂપિયા દિવસની રોજગારી મળી રહે આમ ખેતી કરવા કરતા સ્થળાંતર કરી રોજગારી મેળવવી સારી.

8. ખર્ચ-અમાં સિંચાઈ અને જંતુનાશક દવાઓ સમાવેશ થાય છે તેની પાછળ સૌથી વધુ ખર્ચ કરેલ જોવા મળે છે તેમાં લાભના વર્ષે કપરાડામાં ૧૭.૫૮ દવાઓનો ઉપયોગ કર્યો હતો.

9. કુટુંબદીઠ ખર્ચ કુલ રૂપિયા ૧૪૭૭૯.૬૨ હતો જ્યારે ખર્ચ-અ રૂપિયા ૧૩૧૩૯.૫૫ અને માનવશ્રમ ખર્ચ-ક રૂપિયા ૧૬૪૦.૭૬ જોવા મળ્યો હતો.

કપરાડામાં લાભ સમયે કુટુંબદીઠ આવક રૂપિયા ૧૧૦૪૮.૯૬ હતી જ્યારે તેની સામે ખર્ચ કુટુંબદીઠ રૂપિયા ૮૮૪૪.૧૭ હતો આમ લાભ આપવામાં આવેલ પાકોની ચોખ્ખી આવક કપરાડામાં રૂપિયા ૨૨૦૪.૭૯ હતી.

જ્યારે ઉચ્છલમાં કુલ આવક ૭૨૨૧.૮૭ રૂપિયા અને ખર્ચ ૫૨૮૯.૭૮ હતો જ્યારે ચોખ્ખી આવક રૂપિયા ૧૯૩૨.૦૯ હતી.

10. આમ એમ કહી શકાય કે ખેડૂત લાભાર્થી ખેતીમાંથી બે ગણી આવક પ્રાપ્ત કરી શક્યો નથી લાભાર્થી ઉત્તરદાતા ઓનું આવક કરતા ખર્ચનું પ્રમાણ ઓછું જોવા મળે છે ઉપરાંત બજારમાંથી ભાડે લીધેલ સાધનોનો ભાવ વર્ષે વર્ષે વધતો જોવા મળે છે જ્યારે ઉત્પાદનના મહત્તમ ટેકાના ભાવ પાકોના મળવા જોઈએ તે મળતા નથી આથી ખેડૂતને ખોટ જતી જોવા મળે છે.

11. ૭૨.૫૧ દઢપણે અસંમત હતાં કે ખાતર અને બિયારણની સહાય આપવાથી તેમની ખેતીમાંથી મળતી રોજગારી અને જીવનધોરણમાં સુધારો થયો નથી. ઉચ્છલમાં ૭૬.૦૪ ટકા, કપરાડામાં ૭૦.૩૨ ટકા લોકો દઢ પણે અસંમત હતાં

12. મોટાભાગના લાભાર્થીઓ તેમને આપવામાં આવતા ખાતર અને શાકભાજીના બિયારણથી અસંતોષ હતો એક સીઝન કે એક વર્ષે આ સહાય આપવાથી ખેતીમાંથી બે ગણી આવક પ્રાપ્ત કરી શકાતી નથી.

સૂચનો

1. પહેલા જે આદિવાસી ખેતી કરતા હતા એ પરંપરાગત ખેતી હતી તેમાં થોડી નબળાઈ હતી પણ એ ખેતી ખરાબ ન હતી અને હવે ફરીથી એ ખેતી તરફ પાછા ફરવું જોઈએ એમ કહી ન શકાય પરંતુ જે નવી પરિસ્થિતિ છે સમસ્યાઓ છે એ સમસ્યાઓનો સામનો કેવી રીતે કરવો એ મહત્વનું છે.

2. આવક આપતા પાકો છે એવા નામોથી જે ભોળા ખેડૂતો છે તેમને ફસાવામાં આવી રહ્યા છે. આદિવાસી જિલ્લા એવાં જિલ્લા છે જ્યાં પ્રાકૃતિક રીતે રાસાયણિક ખાત અને જંતુનાશક દવાઓના ઉપયોગ વગર ખેતી કરી શકાય છે અને ઉત્પાદન પણ વધારી શકાય છે. સજીવ ખાતર-દવાઓનો ઉપયોગ કરવો જોઈએ વધુ આવક આપતા પાકો પાછળ ખર્ચ વધુ હોય છે તેની સામે તેના ભાવ મળતા નથી અને દેવુ થાય છે.

3. પંરપારીક ઉપાય કરવામાં આવે આદિવાસી વિસ્તારોમાં જંગલો, ખેતરોમાં પ્રાકૃતિક દવાઓ છે. જંતુનાશક દવા બનાવી શકાય છે. છાણિયા ખાતરના વપરાશ અંગે પ્રોત્સાહન આપવું જોઈએ

4. સરકારની નિતી એવી હોવા જોઈએ કે પાકો જે પહેલા પંરપરાગત હતાં અનાજ જુવાર, રાગી, દાળ જેવા પાકોને પ્રોત્સાહન આપી શકાય દાળ જેવા પાકોના ભાવ બજારમાં સારા મલી રહ્યાં છે. દા.ત. આદિવાસી વિસ્તારમાં અડદની દાળનું ઉત્પાદન સારા પ્રમાણમાં લઈ શકાય એમ છે. આમ આ પ્રકારના પાકોની ખેતી કરાવવી જોઈએ

5. આપણે એમ ના કહી શકીએ કે જે વસ્તુઓ આવી રહી છે એ ખરાબ છે પરંતુ બિયારણો અને જંતુનાશક દવાઓ માટે લિંબડો, ધતુરો, રાખ, કરંજવેલ એના પાનનો ઉપયોગ કરી દવાઓ બનાવી શકાય છે અને આ આદિવાસી વિસ્તારોમાં સરળતાથી ઉપલબ્ધ થઈ રહે છે.

6. નાના ખેડૂતોએ મોટા ખેડૂતોની નકલ કરવી જોઈએ નહી કારણ કે એમની પાસે જમીન છે તે તેમની જરૂરીયાતો માટે છે એક દોઢ એકર જમીનમાં તેમણે બજાર માટે ખેતી ન કરવી જોઈએ પોતાના ઉપયોગ માટે અને પરંપરાગત રીતે ખેતી કરવી જોઈએ નવા બિયારણો લેવા જોઈએ પરંતુ ખાતરનો પણ જરૂર હોય તેટલો જ ઉપયોગ કરવો જોઈએ

7. સરકારે સજીવખેતી માટે પ્રોત્સાહન આપવુ જોઈએ આદિવાસી વિસ્તાર સજીવ ખેતી જ કરે છે તો તેમના પાકોને વ્યવસ્થિત ભાવ આપે બજારની વ્યવસ્થા કરવી જોઈએ.

8. મોટાભાગના આદિવાસી ખેડૂતોની આવકનું મુખ્યસાધન ખેતી હતી આદિવાસી વિસ્તારોમાં પહેલાથી જ બિયારણ, જંતુનાશક દવાઓ, સાધન સહાય ખેડૂતોને ખેતી અંગે તાલીમ, માર્ગદર્શન જેવી ઘણી આદિવાસી વિસ્તારોમાં ખેતી અંગેની યોજના કાર્યક્રમો શરૂ છે. પરંતુ કેટલાક પરીબળોને કારણે આ યોજના, કાર્યક્રમો ખેડૂતોનાં જીવનઘોરણમાં સુધારો કરવામાં સફળ નીવડી નથી આ માટે હજી ઘણાં પ્રયત્નો બાકી છે એ કરવા જોઈએ.

સંદર્ભ

Chaplin, H. (2000). *Agriculture Diversification : A review of Methodological Approaches and Empirical Evidevnce,*. Department of Agriculture Economics and Business Management wye College. Universty of London.

Despandey, S. (2016). Evalution of The Composition of Development Assistance : Case Stydy of Tribal Regions In Gujarat. *Journal of Economics and Finance , 7(1)*, 16-22.

Goletti, F. (1999). *Agriculture Diversification and Rural Industrialization As a Strategy for Rural Income Growth and Poverty reduction in Indochina and Myanmar*. K Street N.W. Washington D.C: International Food Policy Reserch Institute.

Grimes, W. E. (1929). Diversificaton in Agriculture its limitation and its Advantages. *Annals of the American Academy of Political and Social Science, 142*, 216-221.

S. Faizi & Priya K. Nair 2016 Adivasis : The World's Largest Population of Indigenous People Development, Palgrave Macmillan, Society For International Development, Vol 59(3) PP-350-353

S. Faizi & Priya K. Nair(2016) Adivasis : The World's Largest Population of Indigenous People Development, Palgrave Macmillan, Society For International Development, Vol 59(3) PP-350-353

Mehta, P. (2019). Cost-Benifit Analysis of Hi-tech and Indigenious Method in Banana Crop-A Micro Stusy of Nandod Taluka.

Puri, V.K., Mishra S.K. (2014). India Economy. New Delhi. Himalaya Publishing House.Pp-263-264

Patel, R. J. (1975). Agriculture Economics. University Granth Nirman Board Ahmedabad.

Reddy, S., Ram, R., Sastry , N., & Devi, B. (2004). Agriculture Economics. Oxford&lbh Publising Co.Pvt.Ltd.

Chaplin, H. (2000). *Agriculture Diversification : A review of Methodological Approaches and Empirical Evidevnce,*. Department of Agriculture Economics and Business Management wye College. Universty of London.

Despandey, S. (2016). Evalution of The Composition of Development Assistance : Case Stydy of Tribal Regions In Gujarat. *Journal of Economics and Finance , 7(1)*, 16-22.

Goletti, F. (1999). *Agriculture Diversification and Rural Industrialization As a Strategy for Rural Income Growth and Poverty reduction in Indochina and Myanmar*. K Street N.W. Washington D.C: International Food Policy Reserch Institute.

Grimes, W. E. (1929). Diversificaton in Agriculture its limitation and its Advantages. *Annals of the American Academy of Political and Social Science, 142*, 216-221.

Saha, O. G., & Sanjitha. (2008). *Poverty and Livelihood among Tribal in Gujarat Status, Opportunities and strategies* . Gujarat Institute of Development Research Ahmedabad.

Veerabhadrudu, B., & Subramanyam. (2013). Displacement, Migratipn and Occupational Change Among the Project Displaced Tribal Communities India : A Stusy of Peddagadda Reservoir. *Journal Of Hummanities and Social Science , 14*(3), 26-35.

Vyas, V. (1996). Diversification in Agriculture : Concept, rationale and approaches . *Indian Journal of Agricultural Economics* , 636.

Zohari, S., Mohmud, W., & Rahaman, S. H. (2000). Agricultural Diversification : A strategic Factor for Growth. 232-260. Retrieved from https://Ifpri.org/Publication/agricultural Diversification-Strategic-factor-Growth

Director Of Economics & Statistics (2014). *State, District and Taluka wise Scheduled Cast and Scheduled Tribe In Gujarat 2001 and 2011*. Director of Economics & Statistic Government of Gujarat.

Ministry of Labour Bureau. (2015). *Annual Employment-Unemloyment Survey 2015-16.* Ministry Of Labour & Employment . Retrieved 8 7, 2020, from https://labour.gov.in/employment-Publications

Planning Commission (2011). *Poverty Estimates for Social Groups 2004-05 & 2011-12.* Niti Ayog Government of India.

Director of Agriculture Census. (2015-16). *Report on Operational Holdings Agriculture Census Part-I.* Krushi Bhavan Gandhinager.

Gujarat, D. S. (2013). *Agriculture Diversification Project.* Tribal Development Government Of Gujarat. Retrieved 12 27, 2019, from https://dsag.gujarat.gov.in

Ministry of Finance (2016). *Economic Survey 2016-17* . Ministry of Finance. Retrieved 11 08, 2019, from https://Indianbudget.gov.in/budget2016-17/survey.asp

Registrar General of India (2011). *Census Of India.* Office of the Registar General & Cesnsus Commisioner India. Retrieved 2 10, 2017, from https://censusindia.gov.in

Ministry of Triabl Affair. (2015-16). *Tribal welfare & Development.* Ministry of Triabl Affair Government of India. Retrieved 3 19, 2017, from https://tribal.nic.in/Statistics.aspx

Ministry of Agriculture. (2020). *All India report on Agriculture Census.* Department of Agriculture & Farmers Welfare. Retrieved 9 1, 2020, from https://agcensus.nic.in/acindia.html

Planning Commission. (2012). *Twelfth Five Year Plan.* Director Planning Commission. SAGE Publication India Pvt Ltd. Retrieved 9 18, 2018, from http://niti.gov.in/planningcommission.gov.in/docs/plans/planrel/fiveyr/index8.html

https://tribal.gujarat.gov.in/vanbandhu Kalyan-yojana?lag=gujarati